જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૨/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૪૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૭૬ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઇગ્લીશ દારૂ અને ૪૨ ક્વૉટર ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૪૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૪૮/૧૬

**મણીનગર** : જગદીશભાઇ શકરાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૭)(રહે.શુકન બંગ્લોઝ, કૃષ્ણનગર રોડ, કડી, જીલ્લો-મહેસાણા) એ તા.૧૯/૧૨/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ૨૦૧૦ નાં મધ્યમાં આરોપી (૧) વર્ષા મધુસુદન સતપાલકર (મૈત્રેય પ્લોટર્સ એન્ડ સ્ટ્રકચર્સ પ્રા.લી.ના ચેરમેન ડિરેકટર)(રહે.ચૈતન્ય બંગ્લોઝ, ભાસ્કરઅલી,(પશ્ચીમ) વસઇ, પરનરનાકા, મુંબઇ મહારાષ્ટ્ર) (૨)ડાયરેકટરઃ જનાદર્ન અરવીંદ પારૂલેકર (રહે.વસઇ પાલઘરની કંપનીમાં, લોરેન્સ ટ્રેડિંગ સેન્ટર આઇસીઆઇસીઆઇ બેન્કની સામે સ્ટેશન રોડ નવઘર, વસઇ(પશ્ચિમ) મુંબઇ) એ ભેગામળી મૈત્રેય પ્લોટર્સ એન્ડ સ્ટ્રકચર્સ પ્રા.લી.ની મુખ્ય શાખા મહારાષ્ટ્રમાં ખોલી તેની સબ બ્રાન્ચ અમદાવાદ મણિનગર રેલ્વે સ્ટેશનની સામે, સિંધી માર્કેટ, કલરવ કોમ્પલેક્ષ ખાતે ચાલુ કરી, તેમાં ગ્રાહકો પાસેથી ૨, ૩ અને ૫ વર્ષની થાપણો નાણાં તરીકે સ્વીકારી, પાકતી મુદતે વ્યાજ સહિત રકમો પાછી આપવાનો વિશ્વાસ અપાવી, જગદીશભાઇ તથા અન્ય ગ્રાહકોની થાપણોનાં કુલ રૂપિયા ૪,૩૬,૯૬,૫૦૦/- ની વ્યાજ સહીતની રકમ પરત નહીં આપી, તમામ સાથે વિશ્વાસઘાત અને છેંતરપિડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આનંદનગર** : ડો.ગોપાલક્રિષ્ના શ્રીબિર્દીચંદ કુમાવત (ઉ.વ.૫૨)(રહે, વિવેકાનંદનગર સોસાયટી, તા:મનાસા, જી.નિમચ, મધ્યપ્રદેશ) એ તા.૧૯/૧૨/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૮/૧૬ થી તા.૧૯/૧૨/૧૬ સાંજના ૬/૪૫ વાગ્યા દરમ્યાન આરોપી (૧)અભિમન્યુ જયપ્રકાશ સિંગ (રહે,ચાઇબાસા, પશ્ચિમ સિંહભુમ, છત્તિસગઢ) (૨)પુરષોત્તમકુમાર શ્યામનારાયણ વર્મા (૩) રણવિજયસિંહ (૪) ઇમરાન સિદ્દીકી (જેઓનાં પુરા નામ-સરનામાની ખબર નથી) એ ભેગામળી માર્ગ દ્રષ્ટી નોલેઝ પ્રા.લી.નામની કંપની શરૂ કરી ગુનાહીત કાવતરૂ રચી, ડૉ.ગોપાલક્રિશ્ના અને સાહેદોનો વિશ્વાસ કેળવી, બેંગ્લોર ખાતે મેડીકલ કોલેજમાં એડમીશન અપાવવાની લાલચ આપી, ડૉ.ગોપાલક્રિશ્ના તેમજ સાહેદો પાસેથી ચેક તથા રોકડા મળી કુલ રૂપિયા ૭૧,૪૧,૦૦૦/- જેટલી રકમ મેળવી, મેડીકલ કોલેજમાં એડમીશન નહીં અપાવી, તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.ડી.ડાંગરવાલા ચલાવે છે.

**સરદારનગર** : નીલબહેન વા/ઓ સાગરભાઇ દાસ (ઉ.વ.૩૯)(રહે, રાની બિસ્કીટ ગલી પાણીની ટાંકી પાસે ઠાકોરવાસ રાજાવીર ન્યુ "જી" વોડ, કુબેરનગર) એ તા.૧૯/૧૨/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૧૫ થી તા.૯/૧૧/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) શંકરભાઇ કે રામચંદાણી (૨) કમલબેન વા/ઓ શંકરભાઇ રામચંદાણી (૩) જમાઇ:- કેતનભાઇ (૪) જમાઇ:- ઉમેશભાઇ (તમામ રહે, કૈલાશરાજ ફ્લેટ, કુબેરનગર સરદારનગર) એ ભેગામળી સને ૨૦૧૫ માં કુબેરનગર ખાતે જયશંકર ગ્રુપના નામથી ૩૬ માસની એક મીત્ર મંડળ નામની સ્કીમ ચાલુ કરેલ જેમાં કુલ ૭૦૦ સભ્યો રાખવામાં આવેલ હતા. જેમાં નીલબહેને કુલ ૯ કાર્ડ લીધેલ હતા જેમાં કુલ રૂપિયા ૧,૬૨,૦૦૦/- ભરેલ. જે આરોપીને દેવુ થઈ જતાં સ્કીમ બંધ કરી નાસી જઈ, નીલબહેન અને બીજા તમામ સભ્યો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.ચૌધરી ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૪૯/૧૬</u>**

**આનંદનગર** : અલ્પાબહેન W/O પંકજભાઇ ઠાકોર (ઉ.વ.૨૭)(રહે,રિધ્ધી બંગલોની બાજુમાં, વેજનાથ હાઉસ-૨, આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૧૯/૧૨/૧૬ બપોરનાં ૧/૪૫ વાગ્યાના સુમારે સેલ પેટ્રોલપંપની સામેના રોડ પર ઔડા ગાર્ડનની સામે રોડ પરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અલ્પાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારગી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૫૦/૧૬**

**રાણીપ** : ખંગારારામ  પ્રભુજી પુરોહીત (રહે, ગીતાંજલી બિલ્ડીંગ, ડી.બી.રોડ, મુંબઇ. મુળ વતન સાંચોર તા.સાંચોર જી.ઝાલોર રાજસ્થાન) એ તા.૧૯/૧૨/૧૬ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૧૨/૧૬ ના ક્લાક ૭/૩૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન એક ટાટા સફારી ગાડીનાં ચાલકે તથા ગાડીમાં બેસેલ બીજા ત્રણ અજાણ્યા પુરુષ અને બે અજાણી સ્ત્રીઓએ ભેગામળી સુભાષબ્રિજ એસ.ટી.બસ સ્ટેન્ડથી અડાલજ બસ સ્ટેન્ડ સુધીની મુસાફરી દરમ્યાન ચાલુ ગાડીએ ખંગારારામની પત્નીની નજર ચુકવી તેમનાં બેગમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૩૫૧/૧૬**

**રીવરફ્રન્ટ (વેસ્ટ)** : ફિરોઝખાન અનવરખાન પઠાણ (ઉ.વ.૩૯)(રહે.મીર્ઝાપુર, દ્વારકાદાસ પટેલની ચાલી, લાખીયા ગરેજ પાછળ, શાહપુર) એ કોઈ અગમ્ય કારણોસર તા.૧૯/૧૨/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાનાં સુમારે સાબરમતી નદીનાં ગાંધી બ્રીજ ઉપરથી નદીમાં ઝંપલાવી, ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેન્દ્રસિંહ દિલીપસિંહ ચલાવે છે.

ખાડીયા : રીમાબહેન ડો/ઓ બહાદુરસિહ યાદવ (ઉ.વ.૨૬)(રહે,છિંકણીવાળો ખાંચો, કાચવાડો રાયપુર) એ એમ.એસ.સી. કર્યા બાદ પ્રોફેસર માટેની નેટની પરીક્ષા આપેલ, જે પેપર સારૂ ગયેલ ન હોઇ, મનમાં દુ:ખી રહેતી હોઇ તા.૧૯/૧૨/૧૬ બપોરના ૩/૨૦ વાગ્યાનાં સુમારે પોતાના પિતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.સંગાડા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)